NAVSARI AGRICULTURAL UNIVERSITY

# કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી,
# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી-૩૯૬૪૫૦

**વંચાણે :** ૧. અત્રેની કચેરીના પરિપત્ર જા.નં. નકૃયુ/કાઇ/બી-૩/૨૮૯૬/૨૦૨૬ તા.૪/૦૭/૨૦૨૬
૨. યુનિવર્સિટી કક્ષાએ નિયત થયેલ કમિટીની તા.૨૧/૦૭/૨૦૨૬ના રોજ મળેલ બેઠકની કાર્યવાહી નોંધ
૩. અત્રેની કચેરીની તા.૩૦/૭/૨૦૨૬ની નોંધ ફાઇલ ઉપર માન.કુલપતિશ્રીની મળેલ મંજુરી

## ~:: પરિપત્ર ::~

ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ નં. ૧ ના પરિપત્રથી નવસારી કૃષિ યુનિવર્સિટીના તાબા હેઠળના વિવિધ યુનિટ/સબ-યુનિટ કચેરીઓ, ફાર્મ, રહેણાંક મકાનો, ફાર્મ સ્ટ્રક્ચર વગેરે ખાતે મરામત તથા નવી સિવિલ કામગીરીઓ માટે રોકવામાં આવતા વિવિધ પ્રકારના તાંત્રિક શ્રમયોગીઓને દૈનિક ચુકવવાપાત્ર દરો અંગેની માહિતી મંગાવવામાં આવેલ હતી, આ મળેલ માહિતીનું સરખામણી કરી આ કામગીરી માટે નિયુકત થયેલ સમિતી દ્વારા ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ નં. ૨ની મીટીંગની કાર્યવાહીની વિગતે ચુકવવાપાત્ર દૈનિક દરોની ભલામણ કરેલ છે, સમિતી દ્વારા ભલામણ થયેલ દરો ચુકવવા અંગે વંચાણે લીધેલ ક્રમ નં. ૩ ની નોંધ ફાઇલ ઉપર માન.કુલપતિશ્રીની મંજુરી મેળવી નવસારી કૃષિ યુનિવર્સિટીના તાબા હેઠળના મુખ્ય કેન્દ્રો/પેટા કેન્દ્રો ખાતે આવી કામગીરી માટે રોકવામાં આવતા કુશળ, અર્ધકુશળ, બીનકુશળ શ્રમયોગી માટે આ સાથે સામેલ **પત્રક-૧ (સુરત અને ભરૂચ જિલ્લાના મુખ્ય મથક ખાતે આવેલ કચેરીઓ) અને પત્રક-૨ (નવસારી, તાપી, વલસાડ, ડાંગ, નર્મદા જિલ્લાઓમાં આવેલ તમામ કચેરીઓ અને સુરત, ભરૂચ જિલ્લાના મુખ્ય મથક સિવાયના તાલુકાઓમાં આવેલ તમામ કચેરીઓ)** મુજબ જિલ્લા વાઇઝ **તા.૦૧/૦૮/૨૦૨૬ થી તા.૩૧/૦૭/૨૦૨૭ સુધી** મજુરીના દરો નકકી કરવામાં આવે છે.

યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટના અધિકારીશ્રીઓએ આ મંજુર થયેલ દરોએ તેમના હસ્તકના મકાનોમાં રીપેરીંગ/રીનોવેશનની કામગીરી કરાવવા માટે સક્ષમ કક્ષાએથી મંજુરી મેળવી, નિતી નિયમો મુજબ કામગીરી હાથ ધરવાની રહેશે.

વંચાણે લીધેલ ક્રમ નં. ૩ ની નોંધ ફાઇલ ઉપર માન.કુલપતિશ્રીની મંજુરી મેળવી યુનિવર્સિટીના હિતમાં આ પરિપત્ર પ્રકાશિત કરવામાં આવે છે.

જા.નં.નકૃયુ/કાઇ/બી-૩/**૩૨૦૧**/૨૦૨૬
નવસારી તા.૩૧/૦૭/૨૦૨૬

EXECUTIVE ENGINEER NAVSARI AGRICULTURAL UNIVERSITY

૩૧/૭/૨૬

**કાર્યપાલક ઇજનેર**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાના :**
યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારુ.

પરિપત્ર જા.નં.નકૃયુ/કાઇ/બી-૩/**૩૨૦૧**/૨૦૨૬ નવસારી તા.૩૧/૦૭/૨૦૨૬

## પત્રક-૧

## સુરત અને ભરૂચ જિલ્લાના વિવિધ પ્રકારના શ્રમયોગીના દૈનિક દરો

| અ.નં. | રોજમદાર મજુરોની વિગત | રોજમદાર મજુરોની કેટેગરી | સુરત અને ભરૂચ જિલ્લાના મુખ્ય મથક ખાતે આવેલ કચેરીઓમા પ્રતિ ૮ કલાકની સેવાના તા.૧/૦૮/૨૦૨૬ થી તા.૩૧/૦૭/૨૦૨૭ સુધીના મજુરી અંગેના નિયત કરેલ દર |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | સુથાર / બામ્બુ આર્ટીશિયન | સ્કીલ્ડ લેબર | ૯૦૦.૦૦ |
| ૨ | સુથાર હેલ્પર | અનસ્કીલ્ડ | લઘુતમ વેતન |
| ૩ | કડીયો | સ્કીલ્ડ લેબર | ૯૫૦.૦૦ |
| ૪ | કડીયા હેલ્પર | અનસ્કીલ્ડ | લઘુતમ વેતન |
| ૫ | વેલ્ડર | સ્કીલ્ડ લેબર | ૯૦૦.૦૦ |
| ૬ | લુહાર/બાર બાઇન્ડર | અનસ્કીલ્ડ | ૭૦૦.૦૦ |
| ૭ | વાયરમેન | સ્કીલ્ડ લેબર | ૭૦૦.૦૦ |
| ૮ | વાયરમેન હેલ્પર | અનસ્કીલ્ડ | લઘુતમ વેતન |
| ૯ | પંપ ઓપરેટર | અનસ્કીલ્ડ | લઘુતમ વેતન |
| ૧૦ | પ્લંમ્બર | સ્કીલ્ડ લેબર | ૭૫૦.૦૦ |
| ૧૧ | પ્લંમ્બર હેલ્પર | અનસ્કીલ્ડ | લઘુતમ વેતન |
| ૧૨ | પેઇન્ટર (મકાનોમાં અંદર બહારના કલરકામ માટે) | સ્કીલ્ડ લેબર | ૭૦૦.૦૦ |
| ૧૩ | પેઇન્ટર હેલ્પર (મકાનોમાં અંદર બહારના કલરકામ માટે) | અનસ્કીલ્ડ | લઘુતમ વેતન |

EXECUTIVE ENGINEER NAVSARI AGRICULTURAL UNIVERSITY

૩૧/૭/૨૬

**કાર્યપાલક ઇજનેર**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

પરિપત્ર જા.નં.નકૃયુ/કાઇ/બી-૩/**૩૨૦૧**/૨૦૨૬ નવસારી તા.૩૧/૦૭/૨૦૨૬

## પત્રક-૨

## નવસારી, તાપી, વલસાડ, ડાંગ અને નર્મદા જિલ્લાના વિવિધ પ્રકારના શ્રમયોગીના દૈનિક દરો

| અ.નં. | રોજમદાર મજુરોની વિગત | રોજમદાર મજુરોની કેટેગરી | નવસારી, તાપી, વલસાડ, ડાંગ, નર્મદા જિલ્લાઓમાં આવેલ તમામ કચેરીઓ અને સુરત, ભરૂચ જિલ્લાના મુખ્ય મથક સિવાયના તાલુકાઓમાં આવેલ તમામ કચેરી ઓમાં પ્રતિ ૮ કલાકની સેવાના તા.૧/૦૮/૨૦૨૬ થી તા.૩૧/૦૭/૨૦૨૭ સુધીના મજુરી અંગેના નિયત કરેલ દર |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | સુથાર | સ્કીલ્ડ લેબર | ૮૦૦.૦૦ |
| ૨ | સુથાર / બામ્બુ આર્ટીશિયન | સેમી સ્કીલ્ડ | લઘુતમ વેતન |
| ૩ | કડીયો | સ્કીલ્ડ લેબર | ૮૫૦.૦૦ |
| ૪ | કડીયા હેલ્પર | સેમી સ્કીલ્ડ | લઘુતમ વેતન |
| ૫ | વેલ્ડર | સ્કીલ્ડ લેબર | ૮૦૦.૦૦ |
| ૬ | લુહાર/બાર બાઇન્ડર | સ્કીલ્ડ લેબર | ૭૦૦.૦૦ |
| ૭ | વાયરમેન | સ્કીલ્ડ લેબર | ૬૦૦.૦૦ |
| ૮ | વાયરમેન હેલ્પર | સેમી સ્કીલ્ડ લેબર | લઘુતમ વેતન |
| ૯ | પંપ ઓપરેટર | સેમી સ્કીલ્ડ લેબર | લઘુતમ વેતન |
| ૧૦ | પ્લંમ્બર | સ્કીલ્ડ લેબર | ૭૦૦.૦૦ |
| ૧૧ | પ્લંમ્બર હેલ્પર | સેમી સ્કીલ્ડ લેબર | લઘુતમ વેતન |
| ૧૨ | પેઇન્ટર (મકાનોમાં અંદર બહારના કલરકામ માટે) | સ્કીલ્ડ લેબર | ૬૫૦.૦૦ |
| ૧૩ | પેઇન્ટર હેલ્પર (મકાનોમાં અંદર બહારના કલરકામ માટે) | સેમી સ્કીલ્ડ લેબર | લઘુતમ વેતન |

EXECUTIVE ENGINEER NAVSARI AGRICULTURAL UNIVERSITY

**કાર્યપાલક ઇજનેર**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**